**// આંક–૧ લગત હુકમ //**

(૧) હાલના કામનું ચાર્જશીટ વંચાણે લીધું, તપાસ કરનાર અમલદારે આરોપી વિરુદધ બી.એન. એસ.ની કલમ–૨૨૩ (બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકી ચાર્જશીટ રજુ રાખતા સદર કેસ ફોજદારી રજીસ્ટરે લેવામાં આવેલ છે. આરોપીને સમન્સ કાઢવામાં આવેલ નથી.

(૨) હવે બી.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ ની જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો ભારતીય બી.એન.એસ.ની કલમ–૨૨૩(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું અદાલત સંજ્ઞાન લઈ શકાય નહી સિવાય કે સંબંધિત જાહેર નોકર અથવા વહીવટી હેતુ માટે તે જેને આધીન હોય તેવા અન્ય જાહેર નોકર દ્વારા લેખિત ફરીયાદ કરવામાં આવેલ હોય.

(૩) હાલના કેસમાં આરોપી વિરુઘ્ધ ગુનાની કોઈ લેખિત ફરીયાદ સબંધિત જાહેર નોકર અથવા તો તે વહીવટી હેતુ માટે જેને આધીન છે તે વ્યકિત દ્વારા રજુ કરવામાં આવેલ નથી. જેથી બી.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ ની જોગવાઈ ઘ્યાને લેતા અદાલત બી.એન. એસ.ની કલમ–૨૨૩(બી)ના ગુનાનું સંજ્ઞાન લઈ શકે તેમ નથી.

(૪) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગોવર્ધન કુમાર ઠાકોરદાસ અસરાની વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૧૭(૦), એઆઈજેઈએલ એચ.સી ૨૩૭૪૧૩ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જોઆરોપી વિરુઘ્ધ બી.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ નો બાધ નડે છે તેવી કલમોના ચાર્જશીટ રજૂ થયેલ હોય ત્યારે તેમાં સંજ્ઞાન લેવાની નીચલી અદાલતને સતા નથી.''

(૫) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં એવુ પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે '' જયારે આરોપી ઉપર બી.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ નો બાધ નડતો હોય તેવા ગુન્હા સાથે અન્ય બાધ નડતો ન હોય તેવા ગુન્હાનો આક્ષેપ પણ મૂકવામાં આવેલ હોય અને ત્યારે જો બંને ગુન્હાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય અને બંનેને જયારે જુદા પાડી શકાય તેમ ન હોય ત્યારે આવા પ્રકારના તમામ ગુન્હાઓનું સંજ્ઞાન નીચલી અદાલત લઈ શકે નહી.

(૬) ઉપરોકત ચુકાદા સીવાય આ જ સીઘ્ધાંતો બાબતે નીચે મુજબના ચુકાદાઓ પણ છે.

1. PARSHOTTAMBHAI ODHAVJIBHAI SOLANKI Vs STATE OF GUJARAT & 1 other (s) R/CRIMINAL MISC. APPLICATIONNO. 31264 STATE OFGUJARAT of 2016 Date:04/11/2020
2. HET NILKANTH SHELAT Vs & 1 other(s) R/CRIMINAL MISC. APPLICATION NO. 15270 of 2020 Date : 06/11/2020 .
3. Durgacharan Naik Vs. State of Orissa,1966 Cri LJ 1491: AIR 1966 SC 1775;
4. BasirUlHaq Vs. State of W.B., 1953 Cri LJ 1232: AIR 1953 SC 293;
5. Oduvil Devaki Amma Vs. State of Kerala,1981 KLT 475: 1982 Cri LJ (NOC)II
6. Ashok Vs. State, 1987 Cri LJ 1750 (Bom);
7. N.H. Nanjegowda Vs. State of Karnataka, 1988 Cri LJ 807 (Kant).

(૭) આમ, એક જ કાર્યથી થતા વિવિઘ ગુનાઓ પૈકી કોઈપણ ગુનાને બી.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ નો બાધ નડતો હોય તો તે ગુનાઓ અલગ કરી શકાય નહી અને એક જ વ્યવહાર થકી ઉત્પન્ન થયેલ તમામ ગુનાને કાયદાનો બાધ નડતો હોય તો પણ કોર્ટ સંજ્ઞાન લઈ શકે નહી. સબબ ઉપરોકત ચર્ચાને દયાનમાં રાખીને હાલના કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

૧. આ કેસની કાર્યવાહીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૧૫ નો બાધ નડતો હોય, સબબ આ કેસની કાર્યવાહી બી.એન.એસ.એસ. ની કલમ–૨૮૧ અન્વયે પડતી મુકવાનો અને આરોપીને આ કેસમાંથી ડિસ્ચાર્જ કરવાનો આદેશ કરવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જાત મુચરકા અને જામીન આગામી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો અને ત્યારબાદ રદબાતલ ગણવાનો આદેશ કરવામા આવે છે.

૩. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપિલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ તારીખ:૧૪ મી, માહે:માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમા જાહેર કર્યો.

સ્થળ : માલપુર
તા.: ૧૪–૦૩–૨૦૨૬
**સ્પેશ્યલ સીટીંગ**
**લોક અદાલત**

**(પૂજા સુરાણા)**
(**Code No.GJ**01428)
જયુડી.મેજી. ફ.ક.,માલપુર.